જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૧૫/૭/૨૦૧૫ બુધવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા :- સમાચાર યાદી નં.૧૪૩૧/૧૫

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૮ કેસ કરી ૨૭ વ્યક્તિઓને ઝડપી, ૧૦૩ લીટર દેશી દારૂ, ૧૦૬૦ બોટલ ઇગ્લીશ દારૂ, ૯૬૩ બિયરટીન, ૦૧ ઓટોરીક્ષા અને ૦૧ ટ્રક કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૨ કેસ કરી ૧૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૮૮૬૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૪૩૨/૧૫

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૨૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી. ૯૩ મુજબ ૦૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## વાહનચોરી :- સમાચાર યાદી નં.૧૪૩૩/૧૫

**વસ્ત્રાપુર :** જુગલકિશોર હરીશંકર બ્રાહ્મણ (રહે.સોમેશ્વરપાર્ક, નિરાંતપાર્કની પાછળ, સોલા રોડ) એ તા.૧૪/૭/૧૫ નારોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૫/૭/૧૫ સાંજનાં ૭/૦૦ વાગ્યાના સુમારે ગોટીલા ગાર્ડન, સિન્ધુભવન રોડનાં કોટ પાસે પોતાની મારૂતી ઝેન કાર નંબર જીજે.૦૧.એચ.જી.૫૯૪૪ કિંમત રૂપિયા ૮૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની કોઇ અજાણી વ્યક્તિ એક કલાકમાં ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.જે.ગઢવી ચલાવે છે.

## વાહન અકસ્માતમાં મૃત્યુઃ- સમાચાર યાદી નં.૧૪૩૪/૧૫

**ઓઢવ :** સાગરભાઇ સુધાકરભાઇ પાલદે (રહે. ક્રિષ્ના ડાઇનીંગ હોલ, આસ્થા કોમ્પ્લેક્ષની પાછળ, મનમોહન ચાર રસ્તા રોડ, ઓઢવ) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૪/૭/૧૫ સાંજનાં ૪/૪૫ વાગ્યાના સુમારે પોતાની માતા સુનંદાબહેન (ઉ.વ.૪૧) નાઓ ઓટોરીક્ષા નંબર જીજે.૨૭.યુ.૧૩૧૭ માં બેસી મનમોહન પામ હોટલ તરફ જવાનાં રોડ ઉપર આવેલ અભિનવ આર્કેડ સામેથી પસાર થઇ રહ્યા હતા, દરમ્યાન ઓટોરીક્ષાના ચાલકે પોતાની રીક્ષા પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવતાં, રીક્ષા પલ્ટી ખાઇ જતાં, રીક્ષામાં બેસેલ સુનંદાબહેનને શરીરે ગંભીર ઇજાઓ થતાં તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી હિરાભાઇ કોહ્યાભાઇ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>કરંટ લાગતાં મૃત્યુ :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૪૩૫/૧૫</u>**

**માધવપુરા :** નિમેષભાઇ પરેશભાઇ ઠાકોર (ઉ.વ.૧૫)(રહે.ઠાકોરવાસ, અંબાજીમાતાનાં મંદિર પાછળ, ગરબાચોક, જુના માધવપુરા) તા.૧૪/૭/૧૫ બપોરના ૩/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘર નજીક આવેલ લોખંડનાં કેબીનમાં પાન-બીડીનો વેપાર કરતા હતા દરમ્યાન કેબીનમાં મુકેલ ટેબલ ફેનમાંથી નિમેષભાઇને કરંટ આવતાં, સારવાર અર્થે તેમને કોઠારી હોસ્પીટલમાં લાવતાં ડૉ.શ્રીએ બપોરનાં ૪/૦૦ વાગે નિમેષભાઇને મૃત જાહેર કર્યા હતા. આ અંગે માધવપુરા પોલીસે અકસ્માત મોત નોધી, આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી અજીતસિંહ નારસિંહ ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૪૩૬/૧૫</u>**

**બાપુનગર :** મૈત્રીબહેન ડો/ઓ અજયભાઇ પંચાલ (ઉ.વ.૧૮)(રહે.હરિકૃપા એપાર્ટમેન્ટ, બાપુનગર) એ તા.૧૪/૭/૧૫ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે કોઇ અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઇ લેતાં, સારવાર અર્થે તેમને સિવીલ હોસ્પીટલમાં લાવતાં ડૉ.શ્રીએ બપોરનાં ૩/૩૦ વાગે મૈત્રીબહેનને મૃત જાહેર કર્યા હતા. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી, આ અંગેની તપાસ હે.કો.શ્રી દિનેશજી જીવાજી ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)